ગાંધીનગર **તાપમાન**

મહત્તમ : ૩૭.૮ ડીગ્રી
લઘુતમ : ૨૮.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૫૩ ટકા

# શહેરમાં ઉજવાયો યોગ દિવસ

## યોગા એટ હોમ અને યોગા વીથ ફેમિલીના કન્સેપ્ટ સાથે શહેરમાં ઓનલાઈન અને ઓફલાઈન યોગ દિવસની ઉજવણી

















ગાંધીનગર, તા.૨૧

કોરોના કાળમાં નગરજનો કામ વગર ઘરની બહાર જવાનું ટાળી રહ્યા છે અને સરકાર દ્વારા પણ સમૂહ મેળાવડા માટે મર્યાદિત સંખ્યાનો નિયમ લાગુ કરાયો છે તથા જાહેર કાર્યક્રમો થવા પર પ્રતિબંધ ફરમાવાયો છે ત્યારે ૨૧ જૂના રોજ વિશ્વ યોગ દન નિમિત્તે નગરજનો દ્વારા ઓનલાઈન ગ્રુપમાં તથા ઓફલાઈન પરિવાર સાથે પોતાના ઘર આંગણે કે ધાબા પર યોગ કરી યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસને એકત્રિત થયા વગર ઉજવવાના આયોજન સાથે કોરોના વાઈરસને હટાવવા 'યોગા એટ હોમ' અને 'યોગા વીથ ફેમિલી'નો કન્સ્પેટ અપનાવવામાં આવ્યો હતો.

યોગા સાથે જોડાયેલ નગરજનો, વિવિધ સંસ્થાઓ અને નગરના અગ્રણીઓએ આ દિવસે ખાસ યોગા કરી યોગ કરીશું કોરોના ભગાવીશુંનો સંકલ્પ લીધો હતો. ઉલ્લેખનીય છે કે યોગનું મહત્વ સમજતા નગરના નાના બાળકોથી લઈ મોટાઓ તમામ દ્વારા આ દિવસે યોગ કરવામાં આવ્યા હતા.

### ચિરવિદાય

- સ્વ. અમરસિંહ ખોડાજી સોલંકી, ઉ.વ. ૫૦ બારીયા, તા. દહેગામ
- સ્વ. રાવલ તારાબેન ગણપતભાઈ, ઉ.વ. ૬૨, સેકટર-૪-બી
- સ્વ. મહેતા કિરણભાઈ કુંજબીહારી, ઉ.વ. ૪૦, મુ. પેથાપુર
- સ્વ. પટેલ રતિલાલ સોમાભાઈ, ઉ.વ. ૫૯, મુ. વિરમગામ-અમદાવાદ
- સ્વ. ચાવડા અર્જુનસિંહ કીકાજી, ઉ.વ. ૮૦, મુ. વરસોડા, તા. માણસા
- સ્વ. રમણલાલ મંગળદાસ ભાવસાર, ઉ.વ. ૮૪, સેકટર-૩-સી

# સરકાર તો બધુ કરશે પરંતુ માનવતાના નાતે આપણી કોઈ જવાબદારી નહીં??

## ગાંધીનગરના બે યુવા મિત્રોની મિત્રતાએ પાંચ વર્ષમાં અઢળક સેવાકાર્યોની સરવાણી વહાવી અન્ય યુવાનોને પણ પ્રેરિત કર્યા : લૉકડાઉન દરમિયાન તેમણે હાથ ધરેલી ભોજન સેવામાં સ્વાદિષ્ટ ભોજનના એક લાખથી વધુ ભાણાં પીરસ્યા



**સંબંધ સજાવે જિંદગી**
**સમીર રામી**

ગાંધીનગર, તા.૨૧

'સાથી હાથ બઢાના, એક અકેલા થક જાયેગા મિલકર બોજ ઉઠાના, સાથી હાથ બઢાના.' જુની હિન્દી ફિલ્મ 'નયા દૌર'નું આ ગીત આપણા સૌ માટે ખૂબ જાણીતું છે. જેમાં એકબીજા સાથે હળીમળીને ખભેખભા મિલાવીને જો કામ કરવામાં આવે તો કોઈ પણ અધુરું કાર્ય પણ સરળતાથી પાર પડતાં વાર નથી લાગતી તેવો સંદેશ આપવામાં આવ્યો છે. જો કે આ સંદેશ શ્રમ કાર્ય માટે હતો પરંતુ ગાંધીનગરના બે યુવાન મિત્રોની મિત્રતાએ આ ગુરૂ મંત્ર જાણે પોતાના જીવનમાં ઉતારી દીધો છે અને તેના થકી આ બંને મિત્રોએ પાંચ વર્ષના ગાળામાં અઢળક સેવા કાર્યો કરી સમાજમાં અનેક ચહેરા પર સ્મિત રેલાવવાનું કાર્ય કર્યું છે. એટલું જ નહીં પરંતુ પોતાની સાથે અનેક યુવાનોને પણ પ્રેરિત કરી સેવાકાર્યો કરતા કરી દીધા છે. તાજેતરમાં જ આ યુવાનોએ કોરોના વાયરસ મહામારીમાં લૉકડાઉન દરમિયાન હાથ ધરેલ ભોજન સેવા થકી શહેરના કોરોના વોરિયર્સ તેમજ જરૂરિયાતમંદોને તેમની અવિરત સેવાના માધ્યમથી એક લાખથી વધુ સ્વાદિષ્ટ ભોજનના ભાણાં પીરસ્યા છે.



ગાંધીનગરના કોલવડાના તન્મય પટેલ અને રાંધેજાના રાહુલ પટેલ શહેરના સેકટર-૨૩માં કડી સર્વ વિદ્યાલય કેમ્પસની આર.સી. સ્કૂલમાં સાથે અભ્યાસ કરતા હતા પરંતુ બંને વચ્ચે ઝાઝો પરિચય નહોતો. આ પછી બંને તેજ કેમ્પસની અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં બી.કોમ.ના અભ્યાસ માટે જોડાયા ત્યારે તેમની મિત્રા બંધાઈ પરંતુ આ મિત્રતા ત્યારે ગાઢ બની જયારે તેઓ કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા શરૂ કરાયેલ સર્વ નેતૃત્વ ગૃપની શિબિરમાં સળંગ પાંચ દિવસ સાથે રહ્યા અને આ શિબિર દરમિયાન તેમને ટ્રેનર સુરેશ પટેલ તથા કો-ઓર્ડિનેટર ડૉ. ધર્મેન્દ્ર પટેલ પાસેથી દેશ તથા સમાજને કેવી રીતે મદદરૂપ થઈ શકાય તે શિખવા મળ્યું. કડી ખાતે યોજાયેલી આ શિબિરમાં ગાંધીનગરથી ૧૮ વિદ્યાર્થીનીઓ સાથે આ બે જ વિદ્યાર્થી જોડાયા હતા અને આ શિબિર પછી સર્વ નેતૃત્વ ગૃપ દ્વારા તેમણે વિવિધ સેવાકાર્યોમાં પ્રસંશનીય યોગદાન આપ્યું હતું. બંને મિત્રોએ સાથે મળીને જરૂરિયાતમંદ વર્ગના બાળકોને ભણાવવાનો 'છોટી છોટી ખુશીયાં' પ્રોજેકટ, સિવિલ હોસ્પિટલમાં જોકર બનીને જઈને દર્દીને હસાવી રોગ સામે લડવા ઉત્સાહ પૂરતો 'કીપ સ્માઈલીંગ' પ્રોજેકટ, અનાથાશ્રમ-વૃધ્ધાશ્રમ વગેરેમાં જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે સમય પસાર કરવો, ઉત્તરાયણ પહેલા ૧૦ દિવસ સુધી શાકમાર્કેટ, એસટી ડેપો, સિનેમાગૃહ જેવા જાહેરસ્થળોએ બેનર્સ સાથે ઉભા રહી નાગરિકોને પક્ષીઓ બચાવવા સવારે અને સાંજે પતંગ નહી ચગાવવા અપીલ કરવી તથા દિવાળી સમયે મોટા અવાજ અને વધુ પ્રદૂષણ ફેલાવતા ફટાકડાં નહીં ફોડવા વિવિધ શાળાઓના બાળકોને માર્ગદર્શન આપી 'પોલ્યુશન ફ્રી દિવાળી' ની ઉજવણી અંગે પ્રયાસ કરવા જેવા અનેકવિધ કાર્યો સાથે મળીને કર્યા હતા.



તન્મય પટેલ અનો રાહુલ સુખડિયાને પોતાનો કોલેજ અભ્યાસ પૂર્ણ કર્યો ત્યાં સુધીમાં અનેક યુવા મિત્રો મળી ચુકયા હતા જેઓ તેમની સાથે મળીને સેવા કાર્યમાં સાથ આપવા માંગતા હતા તેથી આ બંને મિત્રોએ મળીને રાધે-રાધે પરિવાર નામથી એક ગૃપની શરૂઆત કરી હતી. આ ગૃપના સ્વયંસેવકો સાથે મળીને તેમણે છેલ્લાં પાંચ વર્ષમાં 'મા-બાપને ભૂલશો નહીં' વિષયે ત્રણ જાહેર કાર્યક્રમો યોજયા હતા. 'મુસ્કાન' પ્રોજેકટ દ્વારા યુવાન મિત્રોને એકલા રહેતા નિરાધાર વૃધ્ધો સાથે પોતાનો જન્મદિવસ ઉજવવા પ્રેરિત કર્યા છે. પોલીસ અધિકારી પી.સી. વાલેરાના માર્ગદર્શન સાથે ધો-૧૦ અને ધો-૧૨ના બોર્ડના પરિણામ સમયે ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી નર્મદા કેનાલના તમામ પોઈન્ટ પર દિવસભર ઉભા રહી બાળકોને આત્મહત્યા કરતા અટકાવવાના પ્રયાસ રૂપે જીવન બચાવો અભિયાન અંતર્ગત કુલ ૯ જીંદગીઓ બચાવી હતી. થર્ટી ફર્સ્ટની ઉજવણીમાં ડીજે પાર્ટીના બદલે જરૂરિયાતમંદ વર્ગના બાળકોને નાસ્તો-કપડાં વિતરણ સાથે ગરબાની મોજ માણવાનું પસંદ કર્યું અને તેમને રોજીંદી ટેવો સુધારી સ્વાસ્થ્યની જાળવણી કરવાનું શીખવ્યું. વેલેન્ટાઈન્સ ડે પર અન્ય યુવાનો કરતા અલગ જ રીતે ઉજવણી કરવાના ભાગરૂપે કડી સર્વ વિદ્યાલય કેમ્પસના સુરક્ષા કર્મીઓને આદર તથા હૂંફ પુરી પાડવાના ઉદ્દેશથી તેમનું મ્હોં મીઠું કરી શાલ ઓઢાડી સન્માન કર્યું. 'હર્ષનો પ્રવાસ' પ્રોજેકટ અંતર્ગત મગોડી વૃધ્ધાશ્રમના વડિલો, વાવોલની સરકારી શાળાના બાળકો, ચરાડા ગામની વિદ્યાર્થીનીઓ, આજોલ સંસ્કાર તિર્થની આશ્રિત દિકરીઓ તથા સેકટર-૨૬, ૨૭ અને ૨૮ના વડિલોને વિવિધ સ્થળોના પ્રવાસ કરાવ્યા. 'વડીલ વંદના' કાર્યક્રમ અંતર્ગત વડિલોને આખા દિવસ માટે એકઠાં કરી આનંદ કરાવ્યો અને તેમની આરતી ઉતારી દિકરાની ગરજ સારી, 'મિશન પેડ ફોર વુમન' અંતર્ગત રાંધેજાની ૮૦૦ જેટલી દિકરીઓને 'પેડમેન' ફિલ્મ બતાવી જાગૃતિ સંદેશ સાથે સેનેટરી પેડનું વિતરણ કર્યું. પ્લાસ્ટિક મુકત અભિયાન હેઠળ કાપડની બેગ્સનું વિતરણ કર્યું તો 'રાઈટ ટુ ફુડ' પ્રોજેકટ અંતર્ગત જીવતચર્યા કે લગ્નપ્રસંગ જેવા સામાજિક પ્રસંગોએ જમણવારમાં વધતા ભોજનને જરૂરિયાતમંદો સુધી પહોંચાડયું. 'શૌર્ય મહાયાત્રા' અંતર્ગત રાષ્ટ્રીય પર્વ પ્રસંગે ગાંધીનગરમાં ત્રણ વાર અને કડીમાં એકવાર ૫૫૧ ફુટ લાંબા રાષ્ટ્રધ્વજ અને મુંબઈના ઈતિહાસમાં પ્રથમવાર ૧૫૫૧ ફુટ લાંબા રાષ્ટ્રધ્વજ સાથેની પદયાત્રાના સફળ આયોજનો કર્યા.

રાધે રાધે પરિવારમાં આજે ૫૦થી વધુ યુવાનો સ્વયંસેવકોની ભૂમિકા ભજવવા ખડે પગે તત્પર હોય છે. આ પરિવાર દ્વારા તાજેતરના લોકડાઉન દરમિયાન મનપાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા અને દિપક વ્યાસ, ડૉ. વિવેક વાછાણી તથા વિષ્ણુભાઈ પટેલ જેવા અગ્રણીઓની મદદથી તા. ૨૨ માર્ચથી તા. ૧૦ જુન સુધી દરરોજ ૧૧૦૦થી વધુ વ્યકિતને ભોજન સેવા પુરી પાડી હતી જેમાં પોલીસ કર્મીઓ, ફાયર બ્રિગેડના કર્મચારીઓ, ૧૦૮ના કર્મચારીઓ જેવા કોરોના વોરિયર્સ સાથે વિદેશથી આવીને કોરોન્ટાઈન થયેલા વિદ્યાર્થીઓ, નિરાધાર વિધવા મહિલાઓ, જરૂરિયાતમંદોનો સમાવેશ થાય છે. આ બંને યુવાનોનો એક જ મંત્ર હતો 'બધું સરકાર જ કરશે તો માનવતાના નાતે આપણી કોઈ જ જવાબદારી નહીં?'




-પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com